


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪૬ | ૫ ઓગસ્ટ, ૨૦૧૬, શુક્રવાર ; શ્રાવણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે રાજયના નવા સુકાનીની વરણી

**આજે સાંજે ૪ વાગ્યે કોબા કમલમ્ ખાતે વિધાનસભા પક્ષની બેઠકમાં નવા નેતાની વરણી કરાશે : કેન્દ્રીય મોવડીમંડળના પ્રતિનિધિ તરીકે નિતિન ગડકરી, સરોજ પાંડે, રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ઉપસ્થિત રહેશે**

અમદાવાદ, તા.૪

ગુજરાતના મુખ્યમંત્રી પદેથી આનંદીબેન પટેલે રાજીનામુ આપ્યા બાદ રાજયના નવા સુકાની કોણ હશે તે અંગે ચાલતી ચાલતી અટકળોનો આવતીકાલે અંત આવી જશે. આવતીકાલે શુક્રવારે સાંજે ૪.૦૦ વાગ્યે ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે મળનારી ધારાસભ્યોની બેઠકમાં નવા નેતાની પસંદગી થશે અને તેની સત્તાવાર જાહેરાત પણ થઈ જશે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ આજે સવારે અમદાવાદ આવી પહોચ્યા હતા. અમદાવાદ હવાઈ મથકેથી તેઓ સીધા તેમના નિવાસસ્થાને હંકારી ગયા હતા. જ્યાં દિવસ દરમ્યાન ઉચ્ચસ્તરીય બેઠકોનો દોર જારી રહ્યો હતો. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી, પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, મુખ્યમંત્રી તરીકે જેમનું નામ અગ્રેસર ચાલી રહ્યું છે તેવા નિતિન પટેલ સહિત કેન્દ્રીય સંગઠન મંત્રી વી.સતિષ, ડૉ.દિનેશ







શર્મા તેમજ અન્ય આગેવાનો તથા મંત્રીઓ હાજર રહ્યા હતા. જેમાં કેન્દ્રીય હાઈકમાન્ડના નિર્દેશ મુજબ જે મુખ્યમંત્રીનું નામ બંધ બારણે નક્કી કરવામાં આવ્યું છે. તે અંગે ગંભીરતાથી ચર્ચાવિચારણા થઈ હતી અને હાઈકમાન્ડે નક્કી કરેલા નામ સિવાય અન્ય કોઈ નામની કોઈ પણ ધારાસભ્ય આવતીકાલે મળનારી બેઠકમાં ચર્ચા કરે નહી તે અંગે ખાસ તકેદારી રાખવાની પણ તાકીદ કરવામાં આવી હતી. નવા નેતાની પસંદગી માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિતિન ગડકરી અને સરોજ પાંડે આવતીકાલે અમદાવાદ આવી પહોચશે. આ બંને કેન્દ્રીય નેતાઓની ઉપસ્થિતિમાં નવા મુખ્યમંત્રીની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ અત્યંત મહત્વની બેઠકમાં રાજયકક્ષાના કેન્દ્રીય કૃષિપ્રધાન પરષોતમ રૂપાલા પણ ખાસ હાજરી આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી પદેથી આનંદીબેન પટેલે રાજીનામુ આપ્યા બાદ ગુજરાતના નવા સુકાની તરીકે અમિત શાહનું નામ જોરશોરથી ચર્ચાયુ હતું. પરંતુ ભાજપના કેન્દ્રીય હાઈકમાન્ડે અમિત શાહ રાષ્ટ્રીય પ્રમુખ તરીકે તેમની જવાબદારી યથાવત રીતે નિભાવે તેવો નિર્ણય લઈ અમિત શાહની ગુજરાતના મુખ્યમંત્રી પદની સ્પર્ધામાંથી બાદબાકી કરી નાખી હતી. ત્યારબાદ વિજય રૂપાણીનું નામ પણ મુખ્યમંત્રી પદના મજબુત દાવેદાર તરીકે ચર્ચાયુ હતું. પરંતુ ખુદ વિજય રૂપાણીએ જ પ્રદેશ પ્રમુખ તરીકે હજુ ધણી જવાબદારી અદા કરવાની છે તેવુ નિવેદન કરી જાતેજ મુખ્યમંત્રી મંત્રી પદની સ્પર્ધામાંથી ખસી ગયા હતા. હવે કોઈ અપસેટ ન સર્જાય તો રાજયના આરોગ્ય મંત્રી તરીકે ફરજ

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાન ત્રાસવાદીઓને આશરો આપે છે : રાજનાથ



**સાર્ક બેઠકમાં પાકિસ્તાન પર ઘરમાં જ રાજનાથના પ્રહાર : રાજનાથના નિવેદનથી પાકિસ્તાન દુનિયાની સમક્ષ ખુલ્લું પડ્યું : ત્રાસવાદીઓ સારા અને ખરાબ હોતા નથી : બુરહાન વાનીના મુદ્દે પણ સણસણતો જવાબ**

ઈસ્લામાબાદ , તા. ૪

ગૃહમંત્રી રાજનાથસિંહે આજે પાકિસ્તાનના પાટનગર ઈસ્લમાબાદમાં સાર્ક દેશોના ગૃહમંત્રીઓની પરિષદને સંબોધતા આક્રમક અંદાજમાં પાકિસ્તાન પર પ્રહારો કર્યા હતા. રાજનાથસિંહે પાકિસ્તાનને તેની જ જમીન ઉપર ઝાટકી કાઢીને વિશ્વના દેશોને વાકેફ કર્યા હતા. પાકિસ્તાને જોરદારરીતે મિરર રાજનાથસિંહે બતાવ્યું હતું. રાજનાથસિંહે આ સંમેલનમાં રાખવામાં આવેલા લંચમાં પણ ભાગ લીધો ન હતો. યજમાન દેશના ગૃહમંત્રી ચૌધરી નિસાર પણ લંચમાં જોડાયા ન હતા. રાજનાથના ભાષણને સફળતાપૂર્વક રજૂ કરવાને

● અનુસંધાન પાન-૭ પર

# રિયો ઓલિમ્પિકમાં ભારતનાં ૧૨૪ ખેલાડીઓ શ્રેષ્ઠ દેખાવ કરવા તૈયાર

**ટેનિસ, ટેબલ ટેનિસ, બેડમિંટન, હોકીમાં ભારત તરફથી આશા : ઓલિમ્પિકના ઈતિહાસમાં ભારત દ્વારા હજુ સુધીની સૌથી મોટી ટીમ હવે મોકલવામાં આવી રહી છે**

રિયો ડી જેનેરો, તા. ૪

બ્રાઝિલના રિયો ડી જેનેરોમાં ખેલના મહાકુંભ ઓલિમ્પિકની વિધિવતરીતે શરૂઆત થઈ રહી છે ત્યારે અગાઉની સરખાણમીમાં વધારે ખેલાડી ભારત તરફથી ભાગ લઈ રહ્યા છે જે ભારત માટે ખુબ સન્માનીય બાબત છે. વર્ષ ૧૯૨૦ બાદથી દરેક ઓલિમ્પિક રમતોમાં ભારતીય




ખેલાડીઓની હિસ્સેદારી રહી છે. જો કે, પેરિસમાં ૧૯૦૦ સમર ઓલિમ્પિકમાં સત્તાવારરીતે એન્ટ્રી થઈ હતી. ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન દ્વારા આ વખતે હજુ સુધીની સૌથી મોટી ટુકડી મોકલવામાં આવી રહી છે જેમાં ૧૨૪ એથ્લિટો છે. ભારતીય ઓલિમ્પિકના

● અનુસંધાન પાન-૭ પર

# ૧૦ ટકા આર્થિક અનામતનો વટહુકમ રદ કરતી હાઈકોર્ટ

**હાઈકોર્ટના ચુકાદાને ગુજરાત સરકાર સુપ્રીમ કોર્ટમાં પડકારશે : ઇકોનોમિક ક્રાઇટેરિયાના આધાર પર કોઇ ક્વોટા આપી શકાય નહીં, કારણ કે બંધારણમાં કોઇપણ જોગવાઈ જ નથી : ગુજરાત હાઈકોર્ટની સ્પષ્ટ વાત**

અમદાવાદ, તા.૪

ગુજરાત સરકારને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે ગુજરાત હાઈકોર્ટે શિક્ષણ અને પ્રવેશમાં ઉંચી જાતિની અંદર આર્થિકરીતે પછાત લોકો માટે ૧૦ટકા ક્વોટા આપવાના ગુજરાત સરકારના વટહુકમને રદ કરી દીધો હતો. કોર્ટે ઠેરવ્યું હતું કે, આર્થિક વર્ગના આધાર પર કોઈપણ ક્વોટાને મંજુર કરી શકાય નહીં. કારણ કે, બંધારણમાં આવી કોઈપણ જોગવાઈ પણ રહેલી નથી. બંધારણ સામાજિકરીતે પછાત અને અનૂસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિને ક્વોટાની મંજુરી આપે છે. ગુજરાત સરકારે લાવેલો વટહુકમ બંધારણ અને મૂળભૂત અધિકારોની વિરુદ્ધમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આનંદીબેન પટેલ સરકારે તાજેતરમાં બિનઅનામત વર્ગના ગરીબોને આપેલી આર્થિક અનામત સામે હાઈકોર્ટ સમક્ષ થયેલી અલગ અલગ રિટમાં આજે ચીફ જસ્ટિસની ખંડપીઠ દ્વારા ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં હાઈકોર્ટે ઈબીસી ક્વોટા રદ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. જેના કારણે ગુજરાત સરકારને મોટો ફટકો પડ્યો છે. જો કે ગુજરાત સરકારે હાઈકોર્ટનાં નિર્ણયને સુપ્રિમમાં પડકારવાની જાહેરાત કરી છે. ગુજરાત હાઈકોર્ટે આજે ઈબીસી ક્વોટા રદ કરતા જણાવ્યું હતું કે, ૧૦ ટકા અનામત ગેરબંધારણીય બાબત છે. બંધારણનું ઉલ્લંઘન કરીને આર્થિક ધોરણે અનામત ન આપી શકાય. આર્થિક ધોરણે ૧૦ ટકા અનામત ગેરબંધાણીય બાબત છે. બંધારણનું ઉલ્લંઘન કરીને આર્થિક ધોરણે અનામત ન આપી શકાય. આર્થિક ધોરણે ૧૦ ટકા અનામત આપવાથી અનામતનું પ્રમાણ ૫૦ ટકાથી વધી જાય છે. સરકારે અનામત માટે કોઈ સર્વે પણ કરાવ્યો નથી. ૧૦ ટકા આર્થિક અનામત રદ કરવાના ચુકાદા સામે કેબિનેટ પ્રધાન નિતીન પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર વધારાની ૧૦ ટકા આર્થિક અનામતની જાહેરાત કરી હતી. તેની સામે કોંગ્રેસ તરફી લોકોએ હાઈકોર્ટમાં રીટ કરી હતી. હાઈકોર્ટના આ નિર્ણયને રાજય સરકાર સુપ્રીમ કોર્ટમાં પડકારશે.

● અનુસંધાન પાન-૭ પર

## હાઈકોર્ટનો ચુકાદો રાજ્યના હિતમાં છે : હાર્દિક પટેલ

અમદાવાદ, તા.૪

ગુજરાત હાઈકોર્ટ દ્વારા આર્થિકરીતે પછાત ઉચ્ચ જાતિના લોકો માટે ૧૦ટકા અનામત આપવાના ગુજરાત સરકારના વટહુકમને રદ કરવાના ચુકાદા બાદ આ અંગે પ્રતિક્રિયા આપતા પાટીદાર લીડર હાર્દિક પટેલે કહ્યું હતુ કે, હાઈકોર્ટનો ચુકાદો રાજ્યના હિતમાં છે. પાટીદાર સમાજ દુખની લાગણી અનુભવે છે. તેમણે કહ્યું હતુ કે, આ આંદોલનને જારી રાખવામાં આવશે. પાટીદાર માટે અનામતની માંગણી કરીને ગુજરાતને હચમચાવી મુકનાર હાર્દિકની પ્રતિક્રિયા બાદ ઓબીસીના નેતા અલ્પેશ ઠાકોરે કહ્યું હતુ કે, હાઈકોર્ટના ચુકાદાથી ગુજરાત સરકાર ખુલ્લી પડી ગઈ છે પરંતુ અમને ન્યાયતંત્રમાં વિશ્વાસ છે.



વાવણી - રાજ્યભરમાં મેઘ મહેર થતાં જગતનો તાત ખેતીના કામમાં ઓતપ્રોત બની ગયો છે... ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતો વહેલી સવારથી મોડીસાંજ સુધી વાવણી કાર્યમાં પરોવાયા છે... દિવસભર ટ્રેક્ટર વડે ખેતર ખેડવાની અને માવજત કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે...

# ધરમપુરમાં પાંચ ઈંચ અને વિજયનગરમાં ૩ ઈંચ વરસાદ

**રાજયના ૭૭ તાલુકાઓમાં નોધનીય વરસાદ**
**ગુજરાતના ઘણા ભાગોમાં ભારે વરસાદની ચેતવણી**

અમદાવાદ, તા.૪

રાજયમાં ધીમીધારે વરસી રહેલા વરસાદે છેલ્લી ચોવીસ કલાક દરમ્યાન રાજ્યના ૭૭ તાલુકાઓમાં નોધનીય વરસાદ વરસ્યો છે. જેમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ૧૨૩ મી.મી. એટલે કે પાંચ ઈંચ જેટલો જ્યારે સાબરકાંઠા જિલ્લાના વિજયનગરમાં ૭૬ મી.મી. એટલે કે ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૪-૮-૨૦૧૬ને સવારે ૭-૦૦ કલાકે પુરા થતાં ચોવીસ કલાક દરમ્યાન અમીરગઢ તાલુકામાં ૭૦ મી.મી. ખેડબ્રહ્મામાં ૫૦ મી.મી, મહુધામાં ૬૦ મી.મી માતરમાં ૫૧ મી.મી. બાલાસિનોરમાં ૫૮ મી.મી. ગરબાડામાં ૪૮ મી.મી. સોનગઢમાં ૬૩ મી.મી. અને ઉચ્છલમાં ૫૧ મી.મી. મળી કુલ આઠ તાલુકાઓમાં

● અનુસંધાન પાન-૭ પર







